1. 1857ના સંગ્રામને લગતા કયા ગ્રંથો પ્રસિદ્ધ થયા છે?

➢ 1857ના સંગ્રામને લગતા આ મહત્ત્વના ગ્રંથો પ્રસિદ્ધ થયેલા છે. 1857નો 'મુક્તિસંગ્રામ', '1857માં ગુજરાત', '1857' નો સિપાઇઓનો બળવો' વગેરે.

2. બ્રિટિશ યુગ દરમિયાન કયાં વર્તમાનપત્રો પ્રસિદ્ધ થતાં હતા?

➢ બ્રિટિશ યુગ દરમિક્ષાને આ વર્તમાનપત્રો પ્રસિદ્ધ થતાં હતાં. મુંબઈ સમાચાર, સસ્ત ગોફતાર, જામે જમશેદ , બોમ્બે ગેઝેટ, ધી બોમ્બે કરિયર, ધી બોમ્બે ક્રોનિકલ , સ્ત્રીબોધ, સત્યપ્રકાશ, બોમ્બે ટાઈમ્સ, હરિજન, નવજીવન ટાઇમ્સ ઓફ ઇન્ડિયા વગેરે.

3. ગાંધીજીના જીવન અને કવન પર કોનેકોને ગ્રંથો લખેલા છે?

➢ ગાંધીજીના જીવન અને કવન પર મહાદેવભાઈ દેસાઈ ઉપરાંત રોમારોલાં, નારાયણભાઈ દેસાઈ, મનુ ગાંધી, જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ અને ડો. આંબેડકરે ગ્રંથો લખેલાં છે.

4. કયા બ્રિટિશ શાસનકર્તાઓ વિશે પુસ્તકો પ્રકાશિત થયા છે ?

➢ વોરન વોસ્ટીજ, ક્લાઇવ, કોર્નવોલિસ, વેલેસ્સી, વિલિયમ બેટિંગ, ઓ કલેંડ, એલ. એન. બરો, ડેલહાઉસી, લિટન, રિપન, કર્ઝન અને માઉન્ટ બેટન વિશે પુસ્તકો પ્રકાશિત થયા છે.

5. ભારતમાં ફ્રેન્ચોના ઇતિહાસ સંબંધિત દસ્તાવેજો ક્યાં સચવાયાં છે?

➢ ભારતમાં ફ્રેન્ચોના ઇતિહાસ સંબંધિત વિવિધ દસ્તાવેજો ચેન્નઈ, મૈસુર અને હૈદરાબાદ સાથે ફ્રાન્સના પેરિસમાં આવેલ અભિલેખાગારમાં સચવાયા છે,